# નડિયાદની સુરજબા મહિલા આર્ટ્સ કોલેજમાં રાષ્ટ્રિય કક્ષાનો સેમિનાર

નડિયાદની સુરજબા મહિલા આર્ટ્સ ખાતે આજે નવી આવી રહેલી નેશનલ એજ્યુકેશન પોલીસીની ગ્રાન્ટ ઈન એઈડ કૉલેજો ઉપર શું અસર થશે એ બાબતનો રાષ્ટ્રિય કક્ષાનો સેમિનાર યોજાયો હતો. જેમાં ગુજરાતભરના દોઢસોથી વધુ કોલેજ આચાર્યો અને પ્રોફેસરોએ ભાગ લીધો હતો. સેમિનારમાં બિકાનેર યુનિ.ના એચ.ઓ.ડી. પ્રો. સુરેશ અગ્રવાલ, ગુજરાત કોલેજ પ્રિન્સિલ એસો.ના સેક્રેટરી જનરલ ડો. સ્ટાર પાયલ ઐયર, એઆઈસીપીના પૂર્વ પ્રેસિડન્ટ પ્રિન્સીપલ એસ. બ્રહ્મભટ્ટ વગેરેએ વક્તવ્યો આપ્યા હતા. દિલ્હીના વાઈસ ચાન્સેલર યોગેશસિંગે આર્થિક સમૃદ્ધિ તો ભારતમાં યુગો યુગોથી હતી. પરંતુ તેથી સમાજ શ્રેષ્ઠ બનતો નથી. મૂલ્યનિષ્ઠ શિક્ષણ જ સાચા સમાજનો પાયો બને છે. આખા દિવસ દરમ્યાનના આ સેમિનારમાં ૨૫થી વધુ અધ્યાપકોએ નેશનલ એજ્યુકેશન પોલીસી વિશેના રીસર્ચ પેપરો પણ રજૂ કર્યા હતા. આ પ્રસંગે પૂર્વ કુલપતિ અને ગુજરાતના જાણિતા સનદિ અધિકારી કુલીનચંદ્ર યાજ્ઞિકે પોતાનું અધ્યક્ષિય પ્રવચન રજૂ કર્યું હતું.

# સૂરજબા મહીલા આર્ટસ કોલેજમાં નવી શિક્ષણ નીતિ અંગે સેમીનાર યોજાયો



આણંદ, તા.૨૦

શહેરની જાણીતી સૂરજબા મહિલા આર્ટ્સ કોલેજમાં નવી આવી રહેલી નેશનલ એજ્યુકેશન પોલીસીની ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો ઉપર શું અસર થશે એ બાબતનો રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર યોજાયો હતો. જેમાં ગુજરાતભરના દોઢસોથી વધુ કોલેજ આચાર્ય અને પ્રોફેસરોએ ભાગ લીધો હતો. આખા દિવસના આ નેશનલ સેમિનારમાં બિકાનેર યુનિવર્સિટીના એચ.ઓ.ડી. પ્રો. સુરેશ અગ્રવાલ, ગુજરાત કોલેજ પ્રિન્સિપલ એસોસીએશનના સેક્રેટરી જનરલ ડો. સ્ટાર પાયલ ઐયર, એઆઈસીપીના પૂર્વ પ્રેસીડેન્ટ પ્રીન્સીપાલ સુભાષ બ્રહ્મભટ્ટ વગેરેએ વકતવ્યો આપ્યા હતા.

દિલ્હીના વાઈસ ચાન્સેલર શ્રી યોગેશસિંગ સાહેબે કહ્યું કે આર્થિક સમૃદ્ધિ તો ભારતમાં યુગો યુગોથી હતી પરંતુ તેથી સમાજ શ્રેષ્ઠ બનતો નથી. મૂલ્યનિષ્ઠ શિક્ષણ જ સાચા સમાજનો પાયો બને છે. આખા દિવસ દરમ્યાન આ સેમિનારમાં ૨૫થી વધુ અધ્યાપકોએ નેશનલ એજ્યુકેશન પોલીસી



વિષેના પોતાના રીસર્ચ પેપરો પણ રજૂ કર્યા હતા. આ પ્રસંગે પૂર્વ કુલપતિ અને ગુજરાતના જાણિતા વયોવૃદ્ધ સનદી અધિકારી શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકે અધ્યક્ષીય પ્રવચન આપ્યુ હતું.

# નડીઆદની સુરજબા મહિલા આર્ટસ કોલેજ રાષ્ટ્રીય સ્તરે ઝળહળી

નડિયાદ તા ૯

ચરોતરની ગૌરવ સમાન નડિયાદની સૂરજબા મહીલા આટ્ર્સ કોલેજને દિલ્હી સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાતની સૌથી શ્રેષ્ઠ મહિલા આર્ટસ કોલેજનો દરજ્જો અપાયો છે. આખા રાજ્યની મહિલા ખાસ કોલેજોમાં નેક ખાતે એ ગ્રેડ મેળવનાર સુરજબા મહિલા આર્ટસ કોલેજમાં ગામડાની વિધાર્થીની બહેનો અભ્યાસ કરતી હોવા છતાં તેમણે રાજ્યમાં પ્રથમ આવવાની આ સફળતા મેળવી છે.

નડીઆદની મહિલા કોલેજને બેંગ્લોરની નેશનલ એસેસમેન્ટ એન્ડ એકીડીએશન કાઉન્સિલ (NAAC = નેક) સંસ્થા દ્વારા હું મુલ્યાંકન કરીને નએ ગ્રેડ આપવામાં આવ્યો છે. દિલ્હીના કેન્દ્રીય શિક્ષણ વિભાગ દ્વારા શરુ કરાયેલી આ NAAC સીસ્ટમમાં ૧ ગ્રેડ મેળવનાર આ કોલેજ સજ્યની સર્વ પ્રથમ મહિના આર્ટસ કોલેજ બની છે. આ માટે પનેકથ દ્વારા ઝારખંડની યુનિવર્સિટીના વાઇસચાનલર, મીઝોરમની યુનિવર્સિટીના ડીપાર્ટમેન્ટ હેડ અને પંજાબના બંધરની પાડેલા કોલેજના આચાર્યની એક તપાસ સમિતિ મોકલવામાં આવી હતી. દેશના ત્રણ અન્ન-જુદા રાજ્યોમાંથી આવેલી તપાસ સમિતિએ નડીઆદની કોલેજમાં ગત ૧ થી ૩ ફેબ્રુઆરી દરમ્યાન ખાસ નિરીક્ષણ કર્યું હતું. જે દરમ્યાન કમીટીએ કોલેજના સ્પર, વાલી, એબાપાન ટીચર મેનેજમેન્ટ વગેરે સાથે અંગત મીટીંગ કરીને કોલેજ વિશેની ઝીણામાં ઝીણી જાણકારી અને દસ્તાવેજો મેળવ્યા હતા. આખરે દરેક ક્ષેત્રે કોલેજના સર્વાંગી વિકાસથી સંતૃષ્ઠ થઈને આજે સુરજબા મહિલા આર્ટસ કોલેજને પએથ ગ્રેડ ૩.૧૭ ગુણ સાથે જાહેર કરીને રાજ્યની શ્રેષ્ઠ મહિલા આર્ટસ કોલેજનો દરજ્જો આપવામાં આવ્યો છે.

કોલેજ પરિવારે આ સફળતા માટે વિદ્યાર્થીની બેહેનોને હાર્દિક અભિનંદન પાઠવ્યાં છે.

## ખેડા નડિયાદ 29-09-2022

# નડિયાદ સૂરજબા મહિલા આર્ટસ કોલેજના મનોવિજ્ઞાન વિભાગમાં તજજ્ઞ ગોષ્ઠી યોજાઇ




નડિયાદ ભાસ્કર | નડિયાદ સૂરજબા મહિલા આર્ટસ કોલેજમાં મનોવિજ્ઞાન વિભાગના ઉપક્રમે તજજ્ઞ ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રો.પ્રતિક્ષાબેન બ્રહ્મભટ્ટ વર્તન વૈવિધ્ય વિષય પર કોલેજની 500થી વધુ વિદ્યાર્થીનીઓ સાથે ગોષ્ઠી કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલજના માનસશાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

દિવ્ય ભાસ્કર ખેડા નડિયાદ 28-05-2022

# નડિયાદની મહિલા કોલેજની વિદ્યાર્થિનીએ ખેલ મહાકુંભમાં ગોલ્ડ મેડલ મેળવ્યો



નડિયાદ ભાસ્કર | નડિયાદ સૂરજબા મહિલા આર્ટ્સ કોલેજની વિદ્યાર્થીનીએ રમતગમતમાં રાજ્યકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગાંધીનગર ખાતે 11મો ખેલ મહાકુંભ યોજાયો હતો, જેમાં નડીઆદની સૂરજબા મહિલા આર્ટ્સ કોલેજની M.A માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની દિવ્યાબેન ઓઘડભાઈ ઝાલાએ તા.23 અને 24મે દરમ્યાન ગાંધીનગર ખાતે યોજાયેલ ખેલ મહાકુંભની તલવારબાજી સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાં ફેન્સીંગ તલવારબાજીમાં ઉત્તમ દેખાવ કરીને પ્રથમ ક્રમ સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

# નડિયાદની સૂરજબા મહિલા આર્ટ્સ કોલેજને નેકનો એ ગ્રેડ



નડિયાદ,તા.૯

ખેડા જિલ્લાની એકમાત્ર નડિયાદની સૂરજબા મહિલા આર્ટ્સ કોલેજે તાજેતરમાં રાષ્ટ્રિય સ્તરે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે.દિલ્લી સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આ કૉલેજને ગુજરાતની સૌથી શ્રેષ્ઠ મહિલા આર્ટ્સ કોલેજનો દરજ્જો આપ્યો છે. આખા રાજ્યની મહિલા આર્ટ્સ કોલેજોમાં આ કોલેજમાં ગામડાની વિદ્યાર્થીનીઓ હોવા છતાં 'નેક' ખાતે એ ગ્રેડ મેળવ્યો છે.

## કોલેજને ૩.૧૭ ગુણ જાહેર કરીને સર્વશ્રેષ્ઠ મહિલા આર્ટ્સ કોલેજનો દરજ્જો અપાયો

નડિયાદની મહિલા કોલેજે બેંગ્લોરની નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રિડેશન કાઉન્સિલ (NAAC-નેક) સંસ્થા દ્વારા મૂલ્યાંકન કરીને એ ગ્રેડ આપવામાં આવ્યો છે. દિલ્લીના કેન્દ્રિય શિક્ષણ વિભાગ દ્વારા શરુ કરાયેલ આ નેક સિસ્ટમમાં એ ગ્રેડ મેળવનાર આ કોલેજ રાજ્યની સર્વપ્રથમ મહિલા આર્ટ્સ કૉલેજ બની છે. આ માટે નેક દ્વારા ઝારખંડ યુનિવર્સિટીના વાઈસચાન્સેલ, મિઝોરમ યુનિવર્સિટીના ડીપાર્ટમેન્ટ હેડ અને પંજાબના જલંધરની મહિલા કોલેજના આચાર્યા ની એક તપાસ સમિતિ મોકલવામાં આવી હતી. દેશના ત્રણ જુદા જુદા રાજ્યોમાંથી આવેલી આ સમિતિએ નડિયાદની આ કોલેજમાં તા. ૨૧ થી ૨૩ ફેબ્રુઆરી દરમ્યાન ખાસ નિરીક્ષણ કર્યું હતું. જે દરમ્યાન કમીટીએ કોલેજના સ્ટુડન્ટ, વાલી,એલ્યુમની સ્ટુડન્ટ, ટીચર, મેનેજમેન્ટ વગેરે સાથે અંગત મીટીંગો કરીને કોલેજ વિશેની જાણકારી અને દસ્તાવેજો મેળવ્યા હતા. દરેક ક્ષેત્રમાં કોલેજના સર્વાંગી વિકાસથઈ સંતુષ્ટ થઈને સૂરજબા મહિલા આર્ટ્સ કોલેજને એ ગ્રેડ ૩.૧૭ ગુણ સાથે જાહેર કરીને રાજ્યની સર્વશ્રેષ્ઠ મહિલા આર્ટ્સ કોલેજનો દરજ્જો આપવામાં આવ્યો છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી જતી ટ્રેનને નડિયાદથી પ્રસ્થાન કરાવ્યું